# દાનની પ્રથા દયાના સ્ત્રોતમાંથી જન્મે છે

જ્ઞાનામૃત
બ્રહ્માકુમાર અનિલ

જેમ પ્રેમ આપવાથી માણસ નિર્ધન નથી બનતો તેમ દાન આપવાથી પણ ગરીબ નથી બની જતો. પ્રેમ હૃદયના અક્ષય પાત્રમાં વસે છે તો દાનની વૃત્તિ પણ ત્યાં જ રહેલી હોય છે એટલે જ કહેવાય છે કે દાનની પ્રથા દયાના સ્ત્રોતમાંથી જન્મી છે. તમારી પાસે પ્રેમભીનું હૈયું છે એનાથી વિશેષ સંપત્તિ બીજી કઈ હોય શકે? સ્નેહ સિવાયની સમૃધ્ધિ એક ક્ષણિક ચળકાટ સમાન છે. સોનાની સમૃધ્ધિ સામાન્ય માનવી પાસે પણ હોય શકે પણ સ્નેહની સમૃધ્ધિ તો દાન આપનાર અસામાન્ય પાસે જ હોય અને એવો માનવી જ દયામય હોય.

દાન કોઈના પર કરનારો ઉપકાર નથી કે પછી સ્વર્ગમાં સુખ મળવાની લાલચે લંબાવેલો હાથ નથી. દાન એ આપણો ધર્મ છે. બીજાને આપીને પોતાની આત્માનું કલ્યાણ કરવાની એ વાત છે. કેટલીક વ્યકિત કુબેરના ખજાનાના માલિક બનીને પણ કશું આપી શકતો નથી જયારે હૃદયનો કુબેર એવો નિર્ધન માનવી હાથ લંબાવવામાં કયારેય કંજૂસ બની શકતો નથી. આમાં તો આપનાર અને લેનાર બંનેના આંતરિક હર્ષનો સરવાળો થવો જોઈએ. વળી આપણે તો એમ જ માનીએ છીએ કે દાન તો સંપત્તિનું જ હોય પણ ના, શ્રમદાન, વસ્તુનું દાન, સમયનું દાન અને શુભ ભાવનાઓના યોગદાનનું પણ અનેક ગણું મૂલ્ય છે.

દયા વગર સ્નેહ સંભવી શકે નહિ. દયા વગરની મહાનતા હોય શકે જ નહિ. દયા આચરવાનો તેને જ પ્રસંગ આવે છે કે જે કર્મ કરે છે. નિષ્કર્મણ્ય વ્યકિત પાસે જમા કરવાનું કશું હોતું જ નથી, જેની પાસે સહિષ્ણુતા નથી, દયા નથી એને જ કલેશ થાય છે. કલેશ અને દ્વેષ તો જીવનના ઝેર છે. જાણી જોઈને એવા ઝેર પીવાનો શો અર્થ? જેના અંતરમાં સ્નેહની સૌરભ છે તે પોતાને માટે નહિ જીવે, સૌને માટે જીવે છે અને એવો માનવી જન્મ જન્માંતર સુધી પોતાનું જીવન ગૌરવશાળી અને અંતરના આનંદ સાથે મનાવતો રહેશે.



સંપત્તિ દાનની યોગ્ય વહેંચણી કરવા માટે પણ સાચા માણસનો સાચો શ્રમ જરૂરી બને છે. જે વેચવામાં નહિ પણ વહેંચવામાં માને છે એ જ દાનનો સાચો અધિકારી છે. જે ખરેખર આપત્તિમાં છે તેમને સમયસર આપેલું દાન જ સર્વોત્તમ દાન છે. બીજી બધી મદદ એ તો સ્વાર્થનો વિનિમય છે- વ્યાપાર છે. દાનમાં પાપ અને પુણ્ય ગૌણ છે. દાન આપતી વખતે એવી સંકુચિત દૃષ્ટિ, દાનના મહિમાને ઓછો કરે છે અને જે વ્યકિત આપવામાં માને છે એનું કદી ઓછું થતું નથી.

જે અપેક્ષા વિના કંઈ આપે છે તે જ દાન છે. ઈશ્વર, હવામાં સતત પ્રાણવાયુ વહેતો રાખે છે છતાં કહેતો નથી કે એના બદલામાં તમે મને શું આપશો? કેટલાંક વૃક્ષો એવાં હોય છે કે જે શીતળ છાયા આપે છે એ જ રીતે કેટલાક સજજન પુરુષ જ એવા ઉદાર હોય છે કે તેમની સંપત્તિ કોઈને માટે છાયા બની જાય છે. મૃદુ હૈયાવાળો માનવી જ દયાળુ બની શકે છે. એ અણીને સમયે ઉપકાર કરે છે. કસોટીની પળે એ ક્ષમા કરે છે. અપમાનને ભૂલી જઈને ઉદાર બને છે અને ઋણનો ભાર નાખ્યા વિના મદદનું સૌજન્ય દાખવે છે.

દાનનો આનંદ સર્વ આનંદોથી શ્રેષ્ઠ છે. એ એક પ્રકારનો આધ્યાત્મિક આનંદ છે અને એવો આધ્યાત્મિક આનંદ ત્યારે જ પ્રાપ્ત થાય જ્યારે આપણે સૌ જીવાત્માઓ આનંદના સાગર એવા પરમ પિતા પરમાત્મા શિવના સાંનિધ્યમાં વારંવાર રહીએ. સત્યમ્ શિવમ્ સુંદરમ્ એવા નિજાનંદ સ્વરૂપ પરમાત્માના ઈશ્વરીય જ્ઞાનના સત્સંગમાં જીવન વ્યતીત કરીએ. આમ દાન કોઈ વ્યકિતગત ક્રિયા નથી કે સ્વાર્થ સાધવાનું સાધન નથી પણ આત્માની ઉન્નતિના દ્વાર સ્વહસ્તે ખોલવાનું આધ્યાત્મિક સાધન છે.

> દાન કોઈના પર કરનારો ઉપકાર નથી કે પછી સ્વર્ગમાં સુખ મળવાની લાલચે લંબાવેલો હાથ નથી. દાન એ આપણો ધર્મ છે. બીજાને આપીને પોતાના આત્માનું કલ્યાણ કરવાની એ વાત છે. કેટલીક વ્યકિત કુબેરના ખજાનાના માલિક બનીને પણ કશું આપી શકતો નથી જયારે હૃદયનો કુબેર એવો નિર્ધન માનવી હાથ લંબાવવામાં કયારેય કંજૂસ બની શકતો નથી

મિત્રો આવો, આપણે દયા અને દાનનો આધ્યાત્મિક આનંદનો અનુભવ કરીએ અને સ્નેહીજનોને પણ એવો અનુભવ કરાવવા માટે પ્રેરણાસ્ત્રોત બનીએ એવી શુભ ભાવના સાથે ઓમ્ શાંતિ....

# એક જ માર્ગ અને મંજિલ

જીવનની વચ્ચોવચ્ચ શ્રીમદ્ ભગવદ્ગીતા
સાધુ જ્ઞાનાનંદદાસ

અસંગરૂપી શસ્ત્રની વાત સમજાવીને હવે ભગવાન કૃષ્ણજીવનના મુખ્ય માર્ગ અને લક્ષ્ય તરફ દોરી રહ્યા છે.

શ્રીકૃષ્ણ કહે છે - ततः पदं तत् परिमार्गितव्यं, यस्मिन् गता न निवर्तन्ति भूयः”

“પછી તે સ્થાન તરફ આગળ વધવું કે જ્યાં ગયા પછી પાછું આવવાજવાનું રહે જ નહિ.”

અહીં ગીતા મનુષ્યમાત્રને સ્પષ્ટ લક્ષ્ય અને પથની દોરવણી કરે છે. પરંતુ મનુષ્ય વિષય પ્રેમી છે. તેણે અનંત જન્મોથી વાસના અને ભોગવાદનો પથ લઈને અધોગતિનું લક્ષ્ય સાધ્યું છે. આ પથનું આકર્ષણ પણ અનેરું છે. આ આકર્ષણને કારણે તેને સાચો પરમાત્માનો પથ અને ભગવાનના ધામનું લક્ષ્ય બહુધા ચુકાઈ જાય છે.

> જીવન છે યાત્રા, જીવનારા સૌ મનુષ્યો છે યાત્રિકો! મહત્ત્વાકાંક્ષા, પૈસા કે પ્રસિદ્ધિ જેવી લૌકિક કામનાઓના આધારે જીવન ખેંચનારા આપણે સૌ શ્રેષ્ઠ આધાર ‘પરમાત્મા’ને ‘સ્પેર વીલ’ તરીકે જાણે ‘લટકાવી’ દીધું છે ને અંતે એટલે જ લટકવાનો વારો આવે છે ને!

એક વૃદ્ધ તેના પૌત્ર સાથે યાત્રાએ નીકળ્યા પરંતુ વીલ (ટાયર) ખરાબ જોઈ વૃદ્ધે ટકોર પણ કરી પરંતુ ‘‘અરે દાદાજી ! ચાલશે. જો રસ્તામાં આ વીલ બગડશે તો સ્પેર વીલ તો છે જ ને !’’ મૂંછનો દોરો ફૂટેલા યુવાએ અનેક વર્ષોના અનુભવી વૃદ્ધને નકારો ભણી દીધો ને બગડેલા વીલથી જ લાંબી યાત્રા આરંભી ને શ્રેષ્ઠ વીલને ‘સ્પેર વીલ’ તરીકે જ રાખી મૂક્યું. ભલે યાત્રામાં વિલંબ થાય કે અનાદર થાય પણ ‘સશક્ત સ્પેર વીલ’નો અનાદર કેમ પોષાય?



હા, પ્રાયઃ સંપૂર્ણ માનવજીવન આ રૂપકમાં વણાઈ જાય છે. જીવન છે યાત્રા, જીવનારા સૌ મનુષ્યો છે યાત્રિકો! મહત્ત્વાકાંક્ષા, પૈસા કે પ્રસિદ્ધિ જેવી લૌકિક કામનાઓના આધારે જીવન ખેંચનારા આપણે સૌ શ્રેષ્ઠ આધાર ‘પરમાત્મા’ને ‘સ્પેર વીલ’ તરીકે જાણે ‘લટકાવી’ દીધું છે ને અંતે એટલે જ લટકવાનો વારો આવે છે ને!

જીવનમાં સૌ અનેક માર્ગે અગ્રેસર થાય છે પરંતુ એ યાત્રામાં આધારરૂપ ‘ચાલક બળ’ તથા એ પથની અંતિમ મંઝિલ ‘પરમાત્મા’ જ છે એ ‘એકડો’ ઘૂંટવાની ખૂબ જ જરૂર છે.

દ્વાપરયુગમાં દ્રૌપદીએ અંતે અસહાય થઈ શ્રીકૃષ્ણની શરણાગતિ સ્વીકારી તો ‘ગજરાજ’ ગજેન્દ્રએ પણ પોતાનાં બળથી ઝઝૂમી અંતે પ્રભુનો આર્તનાદ કર્યો. આપણે પણ પરીક્ષાની ઘડીએ કે દુઃખની વેળાએ જ પ્રભુ સામે ટગરટગર નીરખીએ છીએ ને ‘તુચ્છ’ ઐહિક કામનાઓમાં જ ‘મહત્ત્વની’ જીવનયાત્રા પસાર થઈ જાય છે ને જ્યારે ‘સ્પેર વીલ’ તરીકે ‘પરમાત્મા’ પાસે જઈએ છીએ જ્યારે જીવન જ ‘સમાપ્ત’ થઈ જાય છે.

એટલા માટે પ્રતિમાનવે જીવનમાં ભગવાનને મુખ્ય સ્થાને રાખવા જોઈએ અને એ જ પરમ-ચરમ ગતિ તરીકે સ્વીકારવા જોઈએ તો યાત્રા સફળ-સાર્થક થશે અન્યથા કદાચ ધન-સમૃદ્ધિથી સફળતા તો મળશે પણ ‘શાંતિ’ વગર મનુષ્ય ટળવળતો કે બેચેન જ રહેશે.

એક સિદ્ધિભૂખ્યો યુવા તરવરાટ-તલસાટથી ને જોમ-જુસ્સાથી માત્ર 25 વર્ષે તો ‘સ્કોશ’ નામે રમતમાં ‘ઈઝરાઈલ નેશનલ ચેમ્પિયન’ બન્યો છતાં ‘સિદ્ધિની ઝંખના ક્યાં કોઈને જંપવા દે!’ માટે તેણે ‘આંતરરાષ્ટ્રીય વિજય’ માટે સઘન પ્રયત્નો આદર્યા ને તેમાં પણ દિગ્વિજય મળ્યો પરંતુ અંતરમાં આનંદની અનુભૂતિ ન થઈ ને ખૂબ મનોમંથન બાદ એ રમતક્ષેત્રને ત્યજીને હાર્વર્ડમાં પ્રોફેસર થયા ને વર્ષોના ચિંતન બાદ તેમણે માનવ જાત માટે સૌના અનુભવરૂપ એક તારણ આપ્યું કે, ‘સફળતા એ ખૂબ પ્રયત્નો બાદ મળતાં રિલીફ(રાહત) જેવી છે, જેમ કોઈને માથું દુખતું હોય તો મટી જાય તો એ ક્ષણિક રાહત છે પણ સાચું સુખ નથી તેમ જ સફળતા ક્ષણિક સુખ આપે છે પરંતુ જગના પંચવિષયમાં કંઈ સુખ નથી કે તેની ઉપલબ્ધિમાં પણ કંઈ સુખ નથી.’ (Not Fate, Money, Position Can Give You Happiness.) અને શાશ્વત સુખ વિષયોમાં નથી રહેલું એ સિદ્ધાંતો એણે ‘Mindfulness’ પુસ્તકમાં સમજાવ્યા, જેની ઉપર આજે વિદેશમાં અભ્યાસક્રમ પણ ચાલે છે. એ સિદ્ધિ પ્રાપ્ત યુવા આજે વિખ્યાત અધ્યાપક છે (જેને ‘હેપિનેસ કોર્સ ડિઝાઈનર’ તરીકે પણ સૌ ઓળખે છે.) હા, જેને લોકો જીવનનું મુખ્ય વીલ ‘ચાલક બળ’ માને એવાં જગતનાં સુખમાં તો શાશ્વત સુખ-શાંતિ નથી જ.

તારીખ 6/2/2019 ના દિવસે એક સંતે પ્રગટ બ્રહ્મસ્વરૂપને BAPS સંસ્થાના ગુરુહરિ શ્રી મહંતસ્વામીની પ્રવચન કળાને વખાણી ત્યારે બાપા કહે, ‘‘I Don’t Care. ભગવાન સિવાય બીજા સુખમાં મને ઈચ્છા જ નથી, એક ભગવાન છે ને એમાં જ બધું સુખ છે. ભગવાનનો માર્ગ એ જ આપણો માર્ગ અને ભગવાન જ આપણી મંજિલ છે. એમને ભૂલી જઈએ તો બીજું બધું હોય તોય નકામું.’’

હા, મુખ્ય ચાલકબળ સર્વ શક્તિમાન ‘પરમાત્મા’ છે, તેને ‘સ્પેર વીલ’ તરીકે નહીં પણ ‘મેન વીલ’ તરીકે રાખજો.